૯૭ ...

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ (અત્યાચાર નિવારણ ) અધિનિયમ-૧૯૮૯ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો ૧૯૯૫ હેઠળ તકેદારી સમિતિની રચના કરવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૯૭-૧૯૧૦-હ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :-૧-૧૦-૧૯૯૯.

વંચાણમાં લીધો:- સમાજ કલ્યાણ વિભાગનો તા.૧૬-૧૨-૯૮ નો ઠરાવ ક્રમાંક: હસલ-૧૦૯૭-૧૯૧૦- હ.

**ઠ રા વ :-**

અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની જોગવાઈઓના અસરકારક અમલ માટે આ વિભાગના તા.૧૬-૧૨-૯૮ ના સરખા ક્રમાંકના ઠરાવથી જીલ્લા કક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિનું બંધારણ નક્કી કરવામાં આવેલ છે. જીલ્લા કક્ષાની આ સમિતિઓમાં નીચે જણાવેલ પદાધિકારીઓ/અધિકારીઓને જીલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિમાં આમંત્રીત સભ્યો તરીકે નિમવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સમિતિની દર ત્રણ માસે મળતી બેઠકમાં આ ઠરાવથી નિમવામાં આવેલ સભ્યશ્રીઓને આમંત્રીત સભ્યો તરીકે બોલાવવાના રહેશે.

(૧) પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત
(૨) પ્રમુખશ્રી/અધ્યક્ષશ્રી,જીલ્લા સામાજીક ન્યાય સમિતિ
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
(૪) સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
(૫) જિલ્લા સીવીલ સર્જન શ્રી,
(૬) જિલ્લા સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,
(૭) અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમ-૧૫ અન્વયે નિમાયેલ ખાસ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી.

(૮) જીલ્લામાં વસતા અનુ.જાતિ/અનુ.જનજાતિનાં વકીલાતનો વ્યવસાય કરનાર એક વકીલ,

(૯) એક મહિલા સામાજિક કાર્યકર

૨. આ અંગેની અન્ય શરતો આ વિભાગનાં સરખા ક્રમાંકના તા.૧૬-૧૨-૯૮ ના ઠરાવમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ.એમ.પરમાર

(વિ.એમ.પરમાર)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ /નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશ્નરશ્રીઓ
નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ, ૪/૨,ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ.
તકેદારી અધિકારીશ્રી, રાજકોટ, વડોદરા, અમદાવાદ.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સઘળી શાખાઓ.
સચિવાલયના સર્વે વિભાગો.

સિલેકટ ફાઈલ.